અપીલ અરજી નં.૩૨૭ તા.૪–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની તા.૩૦–૧૧–૦૯ની અરજીથી (૧)તા.૧૧–૮–૦૯ ના રોજ સચિવશ્રી ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગને વિગતવાર અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગના ડેપ્યુટી ડાયરેકટર જીઈઆરસી/૨૦૦૯/૦૧૨૭૧ તા.૨૪–૮–૦૯ ના રોજ કાર્યવાહી કરવા માટે સ ેકશન ઓફિસર સેન્ટ્રલઝોન સુ.મ.પા. ને કાર્યવાહી માટે પત્ર રવાના કરવામાં આવેલ આ પત્ર બાબતે સુ.મા.પા. ના સંબંધિત વિભાગ તરફથી ખાતાકીય શું શું તપાસ કરવામાં આવીઅને સ્થળ પર શું શું તપાસ કરવામાં આવી હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. શું ખરેખર કારખાના બંધ કરાવવામાં આવ્યા છે અને બંધ ન કરાવ્યા તો શા માટે બંધ કરવાની જવાબદારી સુ.મ.પા.ની આવે છે. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૪–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૨૭/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૩૦–૧૧–૦૯ ની અરજીથી (૧) તા.૧૧–૮–૦૯ ના રોજ સચિવશ્રી ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગને વિગતવાર અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગના ડેપ્યુટી ડાયરેકટર જીઈઆરસી/૨૦૦૯/૦૧૨૭૧ તા.૨૪–૮–૦૯ ના રોજ કાર્યવાહી કરવામાટે સેકશન ઓફિસર સ ેન્ટ્રલઝોન સુ.મ.પા. ને કાર્યવાહી માટે પત્ર રવાના કરવામાં આવેલ આ પત્ર બાબતે સુ.મા.પા. ના સંબંધિત વિભાગ તરફથી ખાતાકીય શુ શું તપાસ કરવામાં આવી અને સ્થળ પર શું શું તપાસ કરવામાં આવી હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. શું ખરે ખર કારખાના બંધ કરાવવામાં આવ્યા છે અને બંધ ન કરાવ્યા તો શા માટે બંધ કરવાની જવાબદારી સુ.મ.પા.ની આવે છે. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.૧૩૨૯ તા.૨૪–૧૨–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૫ તા.૧૨–૧–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૭૫ તા.૨૧–૧–૧૦ થી અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૨૯ તા.૨૪–૧૨–૦૯ ના પત્રની નકલ, નોંધ વિભાગની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૩૦–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૨૯ તા.૨૪–૧૨–૦૯ થી અરજદારને " મુદ્દા નં.૧,૨ અને ૩ આપે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકાર અધિનિયમમાં સમાવિષ્ટ ન હોય આપી શકાય નહીં . " એવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૪–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી (૧)જે માહિતી આપવામાં આવેલ છે તે સાચી નથી તેમજ સંતોષકારક નથી. (૨) માહિતી અધિકાર અધિનિયમમાં સમાવિષ્ટ ન હોય આપી શકાય નહીં પરંતુ માહિતી કઈ કલમના અનુસંધાનમાં ન આપી શકાય જેનો કોઈ ઉલ્લેખ કરવામાં ન આવ્યો શા માટે? (૩) અરજદારે માહિતી અધિકાર–૨૦૦૫ ભારત સરકાર તરફથી બનાવવામાં આવ્યો ત્યારે ઉલ્લેખ કરવામાં આવેલ છે કે રક્ષાને લગતી માહિતી કોઈ માંગે તે ન આપી શકે તેવું ચોખ્ખું જણાવેલ છે પરંતુ માહિતી અધિકારથી મને સાચી માહિતીથી વંચિત રાખવા માગે છે અને તપાસની નકલ પણ ફાળવતા નથી શા માટે. (૪) તા.૧૧–૧૧–૦૯ ના રોજ આઈ ડી. નં.૯૦૨ અને ૯૦૩ જે માહિતી માંગેલ છે તે મુજબ જાહે માહિતી અધિકારી તરફથી યુઝ ટેકલ ઝોન–૧,૨ અને ૩ ની કોપી પુરાવારૂપે ફાળવેલ છે તો આઈ ડી નં.૧૦૨૦ ની માહિતી શા માટે ન આપી શકે. (૫) જે માહિતી માંગેલ છે તેના અનુસંધાનમાં રહેઠાણવાળા વિસ્તારમાં પાવરથી ચાલતી મશીનરી નાંખી કારખાના ચાલુ ન કરી શકે તેવું ચોખ્ખું યુઝ ટેબલ ઝોન–૧,૨ અને ૩ માં જણાવેલ છે. તેમજ આવા કારખાના ચાલે છે જે બંધ કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાના કમિશ્નિરની જ આવે છે તેવું વન અને પર્યાવરણ વિભાગ તરફથી પત્ર ક્રમાંક ઈએનવી–૧૦૨૦૦૯–૧૦૨૭ તા. ૨૮–૭–૦૯ ના પત્રમાં જણાવેલ છે તકાર્યવાહી કરવા કમિશનરશ્રીને પત્ર રવાના કરેલ છે તો પછી માહિતી અધિકાર કયા આધારે જણાવેલ છે કે આઈ ડી નં.૧૦૨૦ નો માહિતીમાં સમાવેશ થતો નથી તેવું અરજદારે તેના મુદ્દા નં.૧ થી ૫ ને આધાર તરીકે અપીલમાં રજૂ કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીમાં નિર્દિષ્ટ અરજીઓ બાબતે હાથ ધરાયેલ કાર્યવાહીની કોઈ વિગતો આપેલ નથી. કાર્યવાહી નહીં થયાની કોઈ વિગત પણ જણાવેલ નથી.

અરજદારને સદર માહિતીના ઈન્કાર માટે કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી. પરંતુ તે અંગેના અરજદારે માંગેલ માહિતીમાં "શા માટે" શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે. માંગેલ માહિતી સદર અધિનિયમમાં સમાવિષ્ટ ન હોય આપી શકાય નહીં તેમ જણાવેલ છે. જે કાયદાની જોગવાઈ સાથે સુસંગત નથી. ગુજરાત ઈલેકટ્રીક સીટી રેગ્યુલેટરી કમિશનના ડે.ડાયરેકટરના તા.૨૪–૮–૦૯ ના પત્રમાં અરજદાર મજકુરની તા.૧૧–૮–૦૯ ની અરજી બાબતે સેકશન ઓફિસર સેન્ટ્રલઝોનનો સંપર્ક કરવા જણાવેલ છે. જયારે શ. વિ. અને શ.વિ. ગૃ.નિ. વિભાગના સદર તારીખની અરજી બાબતે રહેણાંક વિસ્તારમાં જીડીસીઆર જોગવાઈ વિરુધ્ધ કોઈ પ્રવૃતિ ચાલતી હોવાની રજૂઆત કરેલ છે જે રજૂઆત પરત્વે ઘટતી તપાસ કરી નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવા જણાવેલ છે અને જેની જાણ અરજદાર અને શહેર શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિભાગને જણાવવામાં આવેલ છે. આમ સદર પત્ર ધ્યાને લેતાં થયેલી કાર્યવાહીની જાણ સક્ષમ સત્તાએ અરજદારને કરવાની રહે અને અરજદારે તે જ માહિતી માંગેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અરજીમાં નિર્દિષ્ટ બંને સત્તાધિકારીના પત્રો બાબતે થયેલ કાર્યવાહીની દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન...જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ